ગાંધીનગર સમાચાર

**નબળા પરિણામવાળી શાળાઓમાં દર અઠવાડીયે યુનિટ ટેસ્ટ લેવાશે**

# પાંચ મિનિટ મોડી શરૂ થયેલી સામાન્ય સભા સવા કલાક ચાલી

## કોંગી નેતાએ વ્યંગ વાકબાણ સાધ્યા તો હસમુખ મકવાણાએ પોઇંટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની બેઠક આજે તેના નિર્ધારિત સમય કરતાં પાંચ મિનિટ મોડી શરૂ થઈ હતી. પરંતુ ચાર વર્ષના ગાળામાં પહેલીવાર સવા કલાકથી વધુ સમય સુધી તે ચાલી હતી.

આજની આ સામાન્ય સભામાં એજન્ડામાં સૂચવાયેલા કામો ઉપરાંત ત્રણ નવી દરખાસ્તો પણ છેલ્લી ઘડીએ મંજૂરી માટે રજુ થઈ હતી.

આ સામાન્યસભામાં ૧૦થી વધુ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો તેમજ સભ્યોએ રજુ કરેલા મુદ્દાઓની સ્પષ્ટતા મેયર, ડે. મેયર અને મ્યુનિ. કમિશનર દ્વારા કરવામાં આવી હતી એટલુ જ નહિ સભ્યોને સંતોષ થાય તેવા ઉત્તરો અપાયા હતા.

**મનપાની નોખી સામાન્યસભાની નોખી વાતો...**

આજની આ સામાન્ય સભામાં પહેલીવાર પોઈંટ ઓફ ઓર્ડર કોંગ્રેસના ઉપનેતા શ્રી હસમુખ મકવાણાએ ઉઠાવ્યો હતો. તેમણે પક્ષના પૂર્વ નેતા શ્રી મનુભાઈ પટેલ ચાલુ બેઠકે મોબાઈલ ફોન પર વાત કરતા હતા તેને લઈ ઉઠાવ્યો હતો.

આજની સામાન્ય સભા દરમ્યાન મેયર અને કમિશનર વચ્ચે સતત સભ્યોની રજુઆતો અંગે સંતલસ ચાલુ રહેતાં વિપક્ષી અને સત્તાધારી પક્ષના સભ્યોએ મેયર તમે ધ્યાન આપો તો રજુઆત કરીએ નહિ તો અમારા સ્થાને બેસી જઈએ તેવા ઉચ્ચારણો કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના તંત્રમાં ક્યાંક ખોટુ ચાલે છે : મનુભાઈ પટેલ

## ભાજપના જ સભ્યો કહે છે કે દાળમાં કાળુ છે હવે તો તપાસ કરાવો : કોંગ્રેસ : સફાઈ કામદારોની ભરતી સામે શંકાની સોય તાકતા સભ્યોનો આક્રોશ : સફાઈની કામગીરી ભાજપના જ કાર્યકરની એજન્સીને ફાળવવામાં શું રહસ્ય છુપાયેલુ છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર



પાલિકાના વહીવટીતંત્રમાં ક્યાંક ખોટુ ચાલી રહ્યુ છે તપાસ થવી જ જોઈએ તેવી માંગ ભાજપના પૂર્વનેતા શ્રી મનુભાઈ પટેલે કરતાં સામાન્યસભામાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

આજે મેયર શ્રીમતિ હંસાબેન પટેલના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં કોંગ્રેસના સભ્ય શ્રી જીતુ રાયકાએ સફાઈ કામદાર તરીકે નિયુક્તી માટે રૂ. ત્રીસ હજારની માંગણી કરવામાં આવી હોવાની વાત રજુ કરતાં જ ગૃહ ચોંકી ઉઠ્યું હતું.

આ પછી શ્રી મનુભાઈ પટેલ પણ ઉભા થયા હતા અને તેમણે તેમની હૈયાવરાળ ઠાલવતાં જણાવ્યું હતુ કે કારકુન તરીકે નિયુક્ત થયેલા કર્મચારીને લખતાં જ નથી આવડતુ અને ચાર મહિનાથી તેમની અરજીનો જવાબ અપાતો નથી. તેમણે જણાવ્યુ કે દાળમાં કંઈક કાળુ છે તપાસ થવી જ જોઈએ.

તેમણે તો ત્યાં સુધી આક્ષેપ કર્યો હતો કે બે વ્યક્તીના મેં નામ આપ્યા હતા પણ કોઈ કાર્યવાહી થઈ જ નથી.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે મ્યુનિ. કમિશનરને કે મેયરને મળવા આવનારાઓ માટે વેઈટીંગ રૂમ નથી અને તેને કારણે સભ્યોના માન સન્માન પણ જળવાતા નથી.

● અનુસંધાન પાન-૭ પર



**હર હર મહાદેવ** - પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે શિવાલયો શિવનાદથી ગુંજી ઉઠ્યા હતા... વહેલી સવારથી જ ભાવિકો ભોળેનાથના દર્શને ઉમટ્યા હતા... શહેરના પાદરે પૌરાણિક શિવાલય ધોળેશ્વર મહાદેવ ખાતે ભાવિકો વહેલી સવારથી પૂજન-અર્ચન માટે પહોંચ્યા હતા... (તસવીર : નિકેશ બારોટ)

# શહેરની સોલાર લાઈટો લગભગ બંધ છે : અશ્વિનભાઈ વ્યાસ

## ઉપકરણોની આધુનિકતાથી અજાણ લોકો ખોટી વાતો કરે છે : કાર્તિક પટેલ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા લગાવેલ સોલાર લાઈટોમાંથી એક હજાર લાઈટો હાલ બંધ પડી છે તેની દુરસ્તી કરાવવા અને ટેન્ડરની શરતોના પાલન માટે તંત્ર હરકતમાં આવે તેવી માંગ કોંગી કાઉન્સીલર અશ્વિન વ્યાસે આજે સામાન્ય સભામાં કરી હતી.

શ્રી વ્યાસે સભ્યો વતી રજુઆત કરતાં જણાવ્યું હતું કે આ લાઈટો સમયસર લગાવાઈ નથી તેમજ હવે તેના વોલ્ટેજ ઘટાડી ટેન્ડર નિયંત્રીત કરવામાં આવ્યા છે. જેમાં પણ કંઈક ખોટુ ચાલતુ હોવાની અથવા તો પ્રજાની સાથે છેતરપીંડીનો પ્રયાસ કરાતો હોય તેવુ લાગી રહ્યું છે.

શ્રી વ્યાસની આ રજુઆત અંગે ડેપ્યુટી મેયર શ્રી કાર્તિક પટેલે જણાવ્યું હતું કે ખોટુ નથી ચાલતુ પણ બે એલઈડી બલ્બ ઘરમાં લગાવો તો

● અનુસંધાન પાન-૭ પર



**માણસામાં રાજપૂત સમાજની મહારેલી** - જિલ્લાના માણસા વિસ્તારમાં આજે રાજપૂત સમાજ દ્વારા અનામત મુદ્દે રેલી નિકાળવામાં આવી હતી. આર્થિક સ્તર પ્રમાણે અનામત આપવાની માંગ સાથે સમસ્ત રાજપૂત હિત રક્ષક મંચ દ્વારા મહારેલી નિકાળવામાં આવી જે રેલી પુર્વે બ્રહ્મસમાજ દ્વારા પણ સમર્થન જાહેર કરવામાં આવ્યું હતું. નોંધનીય બાબત છે કે ૨૧ ઓગષ્ટે દહેગામ ખાતે પાટીદારોની મહારેલીનું પણ આયોજન છે જેને લીધે સરકાર ચિંતામાં મુકાઈ ગઈ છે.

# નબળા પરિણામવાળી શાળાઓમાં દર અઠવાડીયે યુનિટ ટેસ્ટ લેવાશે

ગાંધીનગર, તા. ૧૭

રાજયના પાટનગરમાં શિક્ષણક્ષેત્રે દિવા તળે અંધારૂ હોવાની સ્થિતિ સર્જાઈ છે. ગત બોર્ડ પરીક્ષામાં જિલ્લાની ૨૪ જેટલી શાળાઓના નબળા પરિણામની હકીકત પ્રકાશમાં આવ્યા બાદ શિક્ષણતંત્રમાં પણ સળવળાટ મચી ગયો છે. કથળેલા શિક્ષણમાં સુધાર લાવવા માસ્ટર પ્લાનીંગ તૈયાર કરી દેવાયું છે. જેને અનુલક્ષી નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં દર અઠવાડીયે ધો. ૧૦ના વિદ્યાર્થીઓની યુનિટ ટેસ્ટ લેવાનું શરૂ કરી દેવાયું છે.

ગત બોર્ડ પરીક્ષાના અંતે ધો. ૧૦માં જિલ્લાની ૨૪ શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી પણ નીચે આવતા શાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. આવા સંજોગોમાં પરિણામ સુધારણા માટે શિક્ષણતંત્ર દ્વારા પણ બીબાઢાળ પદ્ધતિમાંથી બહાર આવી નવતર આયોજન કરવામાં આવ્યું છે જેને ધ્યાને લઈ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા ગત સપ્તાહ દરમિયાન શિક્ષકોની પણ ટેસ્ટ લેવામાં આવી હતી. જ્યારે આ દરમિયાન શિક્ષકોએ એવાજ પરિણામ મેળવતા શિક્ષણવિદો પણ બે ઘડી વિચારમાં પડી ગયા હતા. જિલ્લામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામની ટકાવારી વધારવા શિક્ષણતંત્ર દ્વારા માસ્ટર પ્લાનીંગ કરવામાં આવ્યું છે. શિક્ષણતંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ પરિણામનું સ્તર સુધારવા નબળી શાળાઓમાં હવેથી ધો. ૧૦ના વિદ્યાર્થીઓની દર અઠવાડીયે યુનિટ ટેસ્ટ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે ઈચ્છિત પરિણામ ન મળે તેવા કિસ્સામાં પુનરાવર્તન તરફ પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ યુનિટ ટેસ્ટના પરિણામની વાલીઓને પણ જાણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને લેખન, વાંચન અને ગણનનો મહાવરો કરાવાશે. જ્યારે અનિમિયતતાના લીધે પરિણામ નબળુ આવતુ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓને શાળામાં આવવું ગમે તેવા વાતાવરણનું નિર્માણ કરવા પણ જરૂરી પગલા લેવા સૂચના આપવામાં આવી છે.

**નબળી શાળાઓમાં પરિણામ સુધારવા માટે શિક્ષણતંત્રનું માસ્ટર પ્લાનીંગ : લેખન, વાંચન અને ગણનનો મહાવરો કરાવાશે**

# શબવાહિનીના દરને લઈ રાજનીતિ ના કરીએ : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૭

શબવાહિનીના દરને લઈ રાજનીતિ કરવાનું ભાજપ ટાળે અને સર્વસંમતિથી મનપાની હદમાં એક રૂ.ના ટોકન દરે તેની સેવાઓ આપવાની વાત સ્વીકારીએ છીએ તેમ કોંગ્રેસના શ્રી ચીમનભાઈ વિંઝુડાએ જણાવ્યું હતું.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીની અધ્યક્ષતામાં મળેલ સામાન્ય સભામાં એજન્ડા પરની કાર્યવાહી બાદ રજુ થયેલી આ દરખાસ્ત જ્યારે મતદાન માટે રજુ થઈ ત્યારે શ્રી વિંઝુડાએ આ વાત કહી હતી.

કોંગ્રેસના શ્રી હસમુખ મકવાણાએ પહેલી દરખાસ્ત આપી હતી તેના તેઓ સાક્ષી છે. ભાજપના પરાગી પંડ્યાએ પછી દરખાસ્ત આપી છે તે પહેલી રજુ કરી રાજનીતિ નહિ કરવી જોઈએ આખરે આ પ્રજા કલ્યાણની વાત છે.

આજની આ સામાન્ય સભામાં સે. ૧૬ના રંગમંચનું નામાભિધાન કરવાની પણ છેલ્લી ક્ષણે રજુ થયેલી દરખાસ્તનો સ્વીકાર કરી મંજૂર કરવામાં આવી હતી.

તેમજ સભાની અંતિમ ક્ષણોમાં રિક્રુટમેન્ટ રૂલ્સની દરખાસ્ત જે અગાઉ રજુ થઈ હતી જેમાં રજુ થયેલા દસ જેટલા સુધારાઓની સ્વીકૃતિ સાથે તે મંજૂર કરાઈ હતી પરંતુ આગામી સામાન્ય સભામાં તે અંગેની ચર્ચા રાખવાનું પણ ઠરાવાયું છે.

**પ્રવિણ પટેલની દરખાસ્તોનો સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરતા મ્યુનિ. કમિશનર રિક્રુટમેન્ટ રૂલ્સનો પ્રસ્તાવ પણ ચર્ચાની માંગ સાથે સ્વીકાર કરી મંજૂર**

આજની સામાન્ય સભામાં કોંગી કાઉન્સીલર અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે મિલ્કતેવરા સહિતના વેરાઓની વસુલી માટે મોબાઈલ વાન ઓનલાઈન વેરા વસુલીની સવલત પછી શરૂ કરવામાં આવશે તેવો સ્વીકાર થયો હતો.

શ્રી પટેલે સફાઈના સાધનોમાં જીપીએસ સિસ્ટમ લગાડવા માટેની કરેલી વાતનો સ્વીકાર કરતાં કમિશનરે જણાવ્યુ હતુ કે પાંચ વાહનોમાં પ્રાયોગિક ધોરણે તે લગાવાયેલ છે. પરિણામો જોયા પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે રજુ કરેલી સ્ટ્રીટ વેન્ડર પોલીસી માટે કમિશનરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે દરેક સેક્ટરમાં આવા ૧૦૦ જેટલા ઓટલા નિયત કરવાની દરખાસ્ત સરકારમાં રજુ કરી છે પણ જમીન મળેથી કાર્યવાહી કરીશુ.

શ્રી પટેલની રજુઆતોનો સ્વીકાર કરાયો હતો જેનાથી કોંગ્રેસમાં ખુશીનો માહોલ જોવા મળતો હતો.

# શહેરના બાલોદ્યાનને હરિયાળા રાખવા સરગાસણ પ્લાન્ટમાંથી પાણી અપાશે

## પાઈપલાઈનનુ કામ પુર્ણ થતા બાલોદ્યાનની હરિયાળી બરકરાર રહેશે

## બીજ તબક્કામાં અન્ય બગીચાઓને પણ આવરી લેવામાં આવશે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં દુષિત પાણીને બગીચાને પુરુ પાડવા માટે સરગાસણ



ખાતે નિર્માણ કરાયેલા પમ્પીંગ સ્ટેશનમાંથી નગરના ઉદ્યાનો સુધી પાણી પહોચાડવા હાલ પાઈપલાઈન નાંખવાનુ કામ ચાલી રહયુ છે. જયારે આ અન્વયે બાલોદ્યાનને હરિયાળો રાખવા પણ લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાતા ટુંકમાં પાણીનો સપ્લાય આપવામાં આવશે. જયારે સરિતા ઉદ્યાન તેમજ પુનિત વન સહિત રાજભવન નર્સરીમાં પણ પાણીની જરૂરિયાત સંતોષવા પણ આગામી દિવસોમાં કામ પૂર્ણ કરી દેવાશે.

ગાંધીનગરમાં સેકટરોમાં હરિયાળા બગીચાને ઉનાળાની આકરી ગરમીમાં પાણી ન મળતા ઉદ્યાનો ઉજ્જડ બનતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.જયારે પીવાના પાણીની જરૂરીયાત સંતોષવા ઉપરાંત બગીચાઓને પાણી સપ્લાય કરવાનુ તંત્ર માટે મુશ્કેલ બનતા ઉદ્યાનોમાં પુરતુ પાણી આપી શકાતુ ન હતુ જેને ધ્યાને લઈ વિભાગ દ્વારા સરગાસણ ખાતે ચાર વર્ષ અગાઉ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ ઉભો કરી નગરના ઉદ્યાનોને આ વ્યવસ્થાના આધારે પાણી આપવાનો નિર્ણય લેવાયો હતો.જો કે પ્રથમ તબક્કામાં માત્ર સ્વર્ણિમ પાર્કને જ પાણી સપ્લાય કરવામાં આવતુ હતુ જયારે અન્ય ઠેકાણે બીજ તબક્કામાં પાઈપલાઈનનુ કામ હાથ ધરી શુધ્ધ પાણી સપ્લાય કરવા આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નગરના બાલોદ્યાન તેમજ પુનિત વન સરિતા ઉદ્યાન રાજભવન નર્સરી સહિતના ઠેકાણે હરિયાળીને તાજી રાખવા પાણી સપ્લાય કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે ગ માર્ગ પર પાઈપલાઈનનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે.

આગામી ટુંક જ સમયમાં સે-૨૮ના બગીચાને પાણી પુરુ પાડવામાં આવશે. જયારે બીજા તબક્કાની કામગીરીમાં પુનિત વન તેમજ સરિતા ઉદ્યાન સહિતના બગીચાઓને પણ આવરી લેવામાં આવશે.સરગાસણ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે બગીચાઓને પાણી પુરુ પાડવા અંદાજિત રૂપિયા ૭ કરોડના ખર્ચે પાઈપલાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.








SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com